**ખંભાળીયાના ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,**
**મુ.ખંભાળીયા.**

**ફોજદારી કેસ નં.૪૭૭/૨૦૨૬**
**આંક :–**

ફરીયાદી : શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપી : વીમલભાઈ રામભાઈ ચેતરીયા રહે. લાંબા ,તા.કલ્યાણપુર, જી. દેવભુમિ દ્વારકા.

ગુનો : **બી.એન.એસ. કલમ ૨૮૧, એમ. વી .એકટ કલમ ૩–૧૮૧ મુજબ.**

**<u>–: ઠરાવ :–</u>**

(૧) આરોપી સામે **બી.એન.એસ. કલમ ૨૮૧, એમ. વી .એકટ કલમ ૩–૧૮૧** મુજબના ગુનાનુ ચાર્જશીટ અત્રેની અદાલતમાં આવતાં આરોપી કોર્ટમાં હાજર થયેલ અને આરોપીને પોલીસ પેપર્સની નકલો પુરી પાડયાની ખાત્રી કરવામાં આવેલ. ત્યારબાદ આરોપીએ ગુના કબુલાત પુરસીસ આપેલ છે. ગુના અંગે આરોપીની પ્લી લેતાં તેઓએ ગુનાની સ્વૈચ્છિક કબુલાત કરેલ છે. આમ, આરોપીએ તેમની સામેના ગુનાની કબુલાત રાજીખુશી અને સ્વૈચ્છિક રીતે કરેલી હોઈ કેસની કાર્યવાહી આગળ ચલાવવાની રહેતી નથી જેથી સબબ નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છુ.

**<u>–:: હુકમ ::–</u>**

આરોપીને બી.એન.એસ.એસ. કલમ–૨૭૫ મુજબ **બી.એન.એસ. કલમ ૨૮૧, એમ. વી .એકટ કલમ ૩–૧૮૧** મુજબના ગુના બદલ તકસીરવાન ઠરાવી **રૂા.૨૦૦૦/–(અંકે રૂપિયા બે હજાર પુરા) નો દંડ** નો હુકમ ફરમાવવામાં આવે છે. જો આરોપી દંડ ભરવામાં કસુર કરે તો **દિન–૦૭** ની સાદી કેદની સજા ભોગવવાની રહેશે. જામીન ખત તથા જાતમુચરકા રદ ગણવા.

હુકમ આજરોજ તા.૧૪ મી માહે માર્ચ સને–૨૦૨૬ ના રોજ સ્પેશીયલ સિટીંગમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તા.૧૪/૦૩/૨૦૨૬

**( કે.સી.મંધાણી )**
ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ
ખંભાળીયા
જજ કોડ જીજે ૦૦૮૨૩